# ચંબલના ડાકુઓની વાતો એક સરકારી અધિકારીની કલમે....

ઈન સાઈડ આઉટ સાઈડ
કિરણ કાપૂરે

'આ ખરેખર એક જંગલની કથા કહેવાય કે નહીં; તેમ છતાં તેમાં 1960ના દાયકાના આરંભની ગ્રામિણ ઉત્તર પ્રદેશની એક સુંગધ તેમાં હતી - તે ક્ષેત્ર માટે આ રોમાંચક સમય હતો. 1963ના મધ્યમાં, જ્યારે હું આગરા જિલ્લામાં સંયુક્ત મેજિસ્ટ્રેટ પદે હતો અને મને જિલ્લાના પશ્ચિમ ભાગમાં ચંબલ નદીના કિનારે આવેલા બાહ-ફતેહબાદ સબ-ડિવિઝનની જવાબદારી સોંપવામાં આવી હતી. જિલ્લાનો આ સૌથી અવિકસિત ભાગ હતો. જે ચંબલની કોતરો અને ખાઈઓથી ભરાયેલો હતો અને ત્યાં રહેનારા ખૂંખાર ડાકૂઓ માટે જાણીતો હતો. આ ખાઈ એટલી ઊંડી અને અગણિત હતી કે તેમાં પૂરી સેના તેમાં છૂપાઈ સકતી હતી અને બીજી ખાઈમાં તેનો અણસાર સુધ્ધા ન આવતો. આ જ કારણ હતું કે આ ક્ષેત્ર ડાકૂઓ માટે પસંદગીનું સ્થળ હતું. જેથી તેઓ વર્ષો સુધી પોલીસથી છૂપાયેલા રહ્યા.”


આવાં અનુભવમાંથી પસાર થનારા પોલીસ અને સરકારી અધિકારીઓની સંખ્યા આપણે ત્યાં ખૂબ છે. પરંતુ તેમ છતાં જૂજ અધિકારીઓએ તેમનાં આવા અનુભવને કલમથી ઉતાર્યા છે. ઉપર જે વર્ણન કર્યું છે તેમનું નામ યોગેશ ચંદ્ર છે અને તેઓ 'ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટીવ સર્વિસ'ના 1962 બેચના અધિકારી રહી ચૂક્યા હતા. તેમની આ ઉપરાંતની ઝાઝી ઓળખ નથી મળતી. પરંતુ હાલમાં તેમણે લખેલું પુસ્તક 'એન ઑફિસર એન્ડ અ ટાઈગર' રસપ્રદ છે. આ પુસ્તકમાં તેમણે મુખ્યત્વે વાઘના શિકારી અને પછી સંરક્ષક રહેનારા અંગ્રેજ અધિકારી જિમ કોર્બેરટના પગદંડી પર ચાલ્યા હોવાના અનુભવની વાત મથાળામાં જોડી છે અને તેમાં બીજા કેટલાંક અનુભવો પણ રજૂ કર્યાં છે.

આગળ યોગેશ ચંદ્ર ચંબલ વિશે લખે છે કે, 'પોલીસના પડકાર આવાં જમીની વિસ્તારથી ઓર વધી જતા હતા. અહીંયા જ મહદંશે ડાકૂઓની ટોળકી સક્રીય હતી. અંદાજે 5000 વર્ગ માઈલમાં પ્રસરેલા આ કોતરોના ક્ષેત્ર ઉત્તરપ્રદેશ, મધ્ય ભારત, વિધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં ફેલાયેલો હતો. યમુના, ચંબલ અને ક્વારી નદીઓ ઉપરાંત તેની સાથે જોડાયેલી નદીઓથી આ વિસ્તાર સિંચાયેલો હતો. ઉત્તરપ્રદેશના આગરા, મૈનપુરી અને ઈટાવા જિલ્લા તેમાં સામેલ હતા. સદીઓથી ચાલી આવતી જમીન કાપથી આ ક્ષેત્ર ઊંડી ખાઈમાં પરિવર્તિત થયો હતો. અહીંયાના અસમતળ માર્ગોમાંથી વરસાદનું પાણી નદીઓ સુધી પહોંચતું હતું. દરેક ખાઈમાંથી અનેક શાખાઓ નીકળતી હતી, જેનાથી આ પૂરો વિસ્તાર ભૂલભૂલામણી જેવો બની જતો. કાંટાળા વૃક્ષો અને ઘાસ સિવાય અહીંયા કોઈ અન્ય વૃક્ષો ઉગતા નહોતા, તેથી અહીંયા વસતી નહીવત હતી. સ્થાનિક ભાષામાં 'બીહડ'થી ઓળખાતો આ વિસ્તાર ડાકૂઓ અને અપરાધીઓ માટે કુદરતી શરણ હતું. અહીંની ભૌગોલિક સ્થિતિના કારણે તેઓ લાંબા સમય સુધી છૂપાઈને રહી શકતા હતા અથવા તો પકડાયા વિના જ્યાં-ત્યાં ફરી શકતા હતા. એ સ્પષ્ટ છે કે કોઈ માર્ગદર્શક વિના, જેને આ વિસ્તારની ઊંડી જાણકારી ન હોય તે કોઈ વ્યક્તિ કે વસ્તુની શોધ અહીંયા વ્યવાહારિક નહોતી.'

કોઈ પણ વિસ્તાર વિશે આ રીતે અધિકારપૂર્વક લખવા માટે કાં તો એ સ્થળનો અનુભવ હોવો અનિવાર્ય છે અથવા તો ગહન અભ્યાસ. યોગેશ ચંદ્રએ પોતાના અનુભવથી લખ્યું છે એટલે તેમાં અનુભૂતિ ઝિલાઈ છે અને અનુભૂતિના કારણે જે-તે સ્થળની વિશેષતાઓ જ્યારે લેખક વર્ણવે ત્યારે તેનું આખું ચિત્ર આપણી સામે ખડું થાય. આગળ તેઓ લખે છે કે, 'જ્યારે મેં પ્રથમ વાર બાહ-ફતેહાબાદની મુલાકાત લીધી, ત્યારે પણ આ વિસ્તારમાં જાણીતો ડાકૂ માનસિંહ-જેને લોકો 'રાજા માનસિંહ' કહેતા હતા-તેની વાતો ખૂબ લોકપ્રિય હતી. ઓગણીસમી સદીના અંતમાં ચંબલ નદીના કિનારે સ્થિત રાઠોર ગામમાં એક રાજબૂત પરિવારમાં જન્મેલો માનસિંહએ પોતાના પરિવારનો એક જમીન વિવાદ વારસામાં મળ્યો હતો, જે તે જ ગામમાં રહેનારા તિલ્ફી રામ બ્રાહ્મણના આગેવાની ધરાવતા બ્રાહ્મણ પરિવારથી હતો.'

વિવાદની આગળ વાત કરતાં યોગેશ ચંદ્ર લખે છે : '1928માં હોળીના તહેવારે આ વિવાદ ચરમસીમા પર પહોંચી ગયો. માનસિંહના પરિવારમાં એક મૃત્યુના કારણે શોક પળાઈ રહ્યો હતો. એ જ દિવસે તેના ભાઈ નવાબસિંહની દીકરી અને તેની કેટલીક બહેનપણીઓ ગામના કૂએથી પાણી ભરીને પાછી ફરી રહી હતી, ત્યારે બ્રાહ્મણ સમાજના કેટલાંક યુવાનોએ તેમને અટકાવી અને ખૂબ વિરોધ કર્યા છતાં દીકરી-બહેનપણીઓ પર રંગ નાંખ્યાં. આ ઘટનાથી ગુસ્સામાં આવીને માનસિંહ, તેનો ભાઈ નવાબસિંહ અને તેના મોટા દીકરા સૂબેદારસિંહે બ્રાહ્મણ પરિવારના ઘરે પહોંચ્યા અને તેમની વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ, તે પછી તિલ્ફી રામ બ્રાહ્મણ અને તેમના બે દીકરાઓને ગોળીઓ મારી દીધી. આ હત્યા પછી માનસિંહ, તેનો ભાઈ, ભત્રીજો અને મોટી દીકરો ફરાર થઈને ચંબલની કોતરોમાં જતા રહ્યા. પરંતુ પત્ની રૂક્મણી દેવીના આગ્રહથી તેમણે આત્મસમર્પણ કરી દીધું. તે પછી ન્યાયાલમાં કેસ ચાલ્યો અને માનસિંહ અને તેના ભાઈ તથા દીકરાને આજીવન સજા થઈ. 1939માં બાહ-ફતેહાબાદમાં દુકાળની સ્થિતિ ઉદભવી તે કારણે માનસિંહને જામીન પર છોડવામાં આવ્યો, પરંતુ પારિવારિક દુશ્મની ચાલતી રહી અને ફરી વાર માનસિંહએ પ્રતિપક્ષના પાંચ વધુ લોકોની હત્યા કરી અને ફરાર થયો. ફરી એજ ચંબલના જગ્યાએ છુપાઈ ગયો. આ ઘટના પછી તેણે કાયમ માટે ચંબલને પોતાનું ઘર બનાવી દીધું. ખેડા રાઠોર ગામમાં મને 1939થી 1955 સુધી તેનો ગુનાહિત રેકોર્ડ દાખવવામાં આવ્યો - જ્યારે તેઓ માર્યા ગયા. તેમાં એક હજારથી વધુ લૂંટ, 150થી હત્યાઓ-જેમાં 32 પોલીસ અધિકારીઓ હતા- અને તેમાં ખંડણી-અપહરણના ગુના સામેલ હતા. તેની ટોળીમાં અંદાજે પંદર સભ્ય હતા, જેમાં તેનો ભાઈ નવાબસિંહ, દીકરો સૂબેદાર અને તહસીલદારસિંહ, હતા.' આ વાત યોગેશ ચંદ્ર પુસ્તકમાં દસ્તાવેજિત કરી શક્યા તેનું એક કારણ તેમની સ્મૃતિ હોઈ શકે અથવા તો તેમણે પોતે ક્યાંક આ બધી વિગતો ટપકાવેલી હોવી જોઈએ. હજુ સુધી યોગેશ ચંદ્રએ આ પુસ્તક કેવી રીતે લખ્યું તેની વિગતો પ્રકાશમાં આવી નથી, કારણ કે આ લેખ તેમના પુસ્તકના એક હિસ્સો જે 'સ્ક્રોલ' પર પ્રકાશિત થયો છે તેના પરથી લખાયો છે.

યોગેશ ચંદ્ર લખે છે કે તેમને પોલીસ ઈન્સ્પેક્ટ દ્વારા જે કહેવામાં આવ્યું હતું તેમાં માનસિંહની સ્ટોરી અલગ રીતે ઉપસતી હતી. તે વિશે યોગેશ ચંદ્ર પોલીસ ઈન્સ્પેક્ટરનું નિવેદન ટાંકતા લખે છે : 'સાહેબ, માનસિંહ લોકો માટે ખરા નાયક હતા. સંકટના સમયે તેઓ પોતાના ક્ષેત્રમાં રહેતા દરેક જરૂરિયાત ધરાવનારા લોકોની મદદ કરતા હતા. રૂપિયા આપતા હતા અને લોકોને ખવડાવવાની વ્યવસ્થા પણ કરતા હતા. નબળાને ન્યાય અપાવતા અને મહિલાઓનું ખૂબ સન્માન કરતા હતા. આગરા, મુરૈના અને ભિંડમાં ક્યાંય પણ જાઓ તેમની ઉદારતાની કહાની તમને સાંભળવા મળશે. ગરીબ પરિવારના દીકરીઓનાં લગ્નનો ખર્ચ તેઓ ઉઠાવતા હતા. લોકો આજે પણ તેમના સિદ્ધાંતોના વખાણ કરે છે.' લેખકે જે પોલીસ ઈન્સ્પેક્ટરનું નિવેદન લખ્યું છે તેનાથી ડાકૂ માનસિંહ અને તેના સાથીઓના પાપ ધોવાઈ જતા નથી. કાયદો તોડીને તેણે જે કર્યું છે તેમાં દાન-પુણ્યની ગાથા ઉમેરીએ તો તેનો એક પણ ગુનાની સજા ઓછી થઈ શકે નહીં. અને એટલે જ 1950ના અરસામાં માનસિંહના ત્રાસથી ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનની પોલીસ તેને પકડવા માટે ખૂબ સક્રીય હતી. મધ્ય પ્રદેશ પોલીસ અધિક્ષકના નેતૃત્વમાં એક સંયુક્ત દળ બનાવવામાં આવ્યું હતું, જે સતત માનસિંહની ટોળકીનો પીછો કરતું હતું. ખબરીઓનું વિશાળ નેટવર્ક તે વખતે પોલીસ દ્વારા એક્ટિવ કરવામાં આવ્યું હતું.




**કોઈ પણ વિસ્તાર વિશે આ રીતે અધિકારપૂર્વક લખવા માટે કાં તો એ સ્થળનો અનુભવ હોવો અનિવાર્ય છે અથવા તો ગહન અભ્યાસ. યોગેશ ચંદ્રએ પોતાના અનુભવથી લખ્યું છે એટલે તેમાં અનુભૂતિ ઝિલાઈ છે**

1955માં માનસિંહના પત્નીના ભાઈ બલવતસિંહના ઘરે દીકરીનું લગ્ન ભિંડ જિલ્લાના એક ગામમાં હતું. પરિવારે માનસિંહને આમંત્રણ મોકલ્યું. તે વખતે માનસિંહના ટોળકીના સભ્યો તે વખતે લગ્નમાં જવાનો વિરોધ કર્યો હતો. તેઓને શંકા હતી કે પોલીસ તેમની ટોળકીને પકડવા માટે ષડયંત્ર ગોઠવી રહી છે. જોકે માનસિંહ તેમ છતાં લગ્નમાં આવ્યો. પરંપરા મુજબ લગ્ન કરનારી જોડીને ભેંટ આપી, બદલામાં તેમને અને દીકરાને ખીર ખવડાવવામાં આવી. ખીરમાં ઝેર હતું અને તેઓ ત્યાં જ ઢળી પડ્યા. પોલીસ આવી અને તે બંને અને અન્ય સાગરીતોને ગોળીઓ ચલાવી તેમને માર્યાં. આ રીતે ચંબલના જાણીતા ડાકૂનો અંત આવ્યો.

આવી અનેક કથાવસ્તુ યોગેશ ચંદ્ર પોતાના પુસ્તકમાં આલેખિત કરી છે. •




# જો ગવર્નર જ ન હોય તો?

શરદ જોશી સ્પીકિંગ
સંજય છેલ

એ જ તો ખોટું છે કે લોકો જ્યારે પોતાના રાજ્ય વિશે વિચારે છે, ત્યારે તેઓ બીજાં રાજ્ય વિશે વિચારતા નથી. તમારું સુખ, બીજાનું દુઃખ પણ હોય શકે ને? એકવાર 1980ના દાયકામાં દંતકથા સમાન, સાક્ષાત દેવતાની જેમ પૂજાતા આંધ્રનાં નેતા-અભિનેતા સુપરસ્ટાર એન.ટી. રામારાવે કહેલુંઃ 'રાજ્યોમાં ગવર્નરનું પદ જરૂરી નથી. ગવર્નરનું પદ કાઢી નાખવું જોઈએ.' વાતમાં લોજિક છે કે આ સરકારી નકલી પદ છે પણ અરે ભાઈ, એ તો વિચારો કે નવી બનેલી સરકાર માટે શરૂઆતમાં શપથ લેવા માટે કોઈ તો અડ્ડો હોવો જોઈએને? રામારાવજીને શું લાગ્યું હશે કે આગામી ચૂંટણીમાં જીત્યા પછી કોઈ મુખ્યમંત્રી શું મંદિરમાં શપથ લેશે?

શું છે કે ગવર્નર હોય તો રાજ્યોની શોભા બની રહે, પછી ભલે ને એ શોભાનાં ગાંઠિયા જેવા હોય. શહેરના લોકો જ્યારે ફરવા નીકળે ત્યારે ગર્વથી આંગળી ચીંધીને બતાવે છે કે 'જુઓ આ 'ગવર્નર હાઉસ' છે!' વળી, અમુક સરકારી કાર્યક્રમો એટલા બધા બોરિંગ હોય છે કે બિઝી મુખ્યમંત્રી સમયના અભાવે એમાં જઈ નથી શકતા. તો એવા આયોજનોનાં ઉદ્ઘાટન સમારંભ માટે જો ગવર્નર નહીં હોય તો જશે કોણ? વિરોધપક્ષને પોતાના વિરોધ અને વૈચારિક જુસ્સા કે ગુસ્સાને બહાર કાઢવા માટે કોઈ ગટર તો જોઈશેને? ગવર્નર હાઉસ નહીં હોય તો વિરોધ પક્ષના નેતાઓ પગ પછાડતા પછાડતા ટંટો કરવા જશે ક્યાં?



દરેક વસ્તુ, ઉપયોગી છે કે નથી હંમેશા ગવર્નર બનવા માટે તો સક્ષમ હોય જ છેને?

દરેક રાજ્યનાં નિષ્ફળ નેતાઓમાં ગવર્નર બનવાના મૂળભૂત ગુણો અને લક્ષણો તો હોય જ છે. રાજ્યના નેતાઓ માત્ર કહેવા પૂરતા રાજ્યના હોય છે. હકીકતમાં તેઓ દિલ્હીના અત્યંત આજ્ઞાકારી અને કેન્દ્રની કે દિલ્લીની ઈચ્છા અને ઈરાદા મુજબ ચૂપચાપ કામ કરવાવાળા હોય છે. આમ કરતાં કરતાં ધીમે ધીમે તેઓ પોતે જ ગવર્નર બનવા તૈયાર થઈ જાય છે.

80ના દાયકામાં મધ્યપ્રદેશે, આ દેશને શંકરદયાલ શર્મા અને અર્જુનસિંહ એમ બે ગવર્નરો આપ્યા હતા. ત્યાર પછી કેન્દ્ર સરકાર જો વધુ એક ગવર્નર વિદ્યાચરણ શુક્લાને બનાવી દેતે, તો મધ્યપ્રદેશની રાજકીય સમસ્યાનો અંત જ આવી જતે.

ખેર, જો એ જોવાનું નહીં હોય. કાલથી તમે ચર્ચા કરવા લાગશો કે પત્તાંની રમતમાં જોકરનું શું મહત્વ છે? અરે, વરસોથી જે પરંપરાગત રીતે આજ લગી ચાલતું આવ્યું છે એમાં સળી કરવામાં લોકોને શું મજા આવતી હશે? આજે દેશના મોટા મોટા શેફ અને રસોઈયાઓ ગવર્નર હાઉસમાં રહે છે. ઘણા કવિઓ અને કલાકારો ગવર્નર દ્વારા સન્માનિત થાય છે. ગવર્નર હાઉસ નહીં રહે તો રસોઈ-કળાથી લઈને કાવ્યકળા સુધી, કલાકારોને પ્રોત્સાહ કેવી રીતે મળશે?

**શું છે કે ગવર્નર હોય તો રાજ્યોની શોભા બની રહે, પછી ભલે ને એ શોભાનાં ગાંઠિયા જેવા હોય. શહેરના લોકો જ્યારે ફરવા નીકળે ત્યારે ગર્વથી આંગળી ચીંધીને બતાવે છે કે જુઓ આ 'ગવર્નર હાઉસ' છે!**

સ્વ. એન.ટી. રામારાવ, ત્યારે માત્ર એમના જ રાજ્ય વિશે વિચારતા હશે. એમણે મહારાષ્ટ્ર, બિહાર, કર્ણાટક, મધ્યપ્રદેશ વિશે કેમ ના વિચાર્યું હોય? આ બધાં રાજ્યોની ધરતી એવા નેતાઓ પેદા કરે છે જે ભલે બીજી કોઈ પણ રીતે ઉપયોગી નહીં હોય પણ તેઓ રામારાવજીના શબ્દો સાચા પડ્યા અને ગવર્નરનું પદ જ નહીં રહે તો આપણા રાજ્યના બેકાર લાચાર નેતાઓ કરશે શું? મુખ્યમંત્રી પદેથી સ્વેચ્છાએ રાજીનામું આપનાર કે એમને પછી કાઢી મૂકવામાં આવ્યા હોય એવા નેતાઓ શું કરશે? એમને ક્યાંક તો બેસાડવા પડશેને?

આજે કેન્દ્રની પાસે રાજ્યોમાં બે આજ્ઞાકારી ગવર્નર હોય છે. એક ગવર્નર અને બીજા મુખ્ય મંત્રીઓ, જે કેન્દ્ર દ્વારા ટેકો મેળવીને નિમાય છે.

જો ગવર્નરપદ નીકળી જાય તો પછી દેશમાં માત્ર અમુક જ આજ્ઞાકારી નેતાઓ કે સી.એમ. બચશે. એમાં પણ આંધ્ર જેવા રામારાવી પ્રદેશમાં તો એક પણ નહીં બચે. ત્યારે શું થશે?

આ દેશમાં, ગમે તેની સરકારો બનાવવા કે ગમે ત્યારે એને પાડવા, કમસેકમ એક ગવર્નર તો જોઈએ જ ને?•

# ICCએ ઠપકારવા છતાં બેશરમીથી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ પોતાની વાહવાહી કરતું રહ્યું

ખેલખેલમેં

પાકિસ્તાને પોતાના બહિષ્કારના નિર્ણય પર યુ-ટર્ન લેતા 15 ફેબ્રુઆરીએ ભારત સામે T20 વર્લ્ડ કપ ગ્રુપ મેચ રમવાનો નિર્ણય લીધો છે. અગાઉ, પાકિસ્તાન સરકારે બાંગ્લાદેશના સમર્થનમાં તેની ટીમને ભારત સામે રમવાથી રોકી હતી, જેને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC) દ્વારા ટુર્નામેન્ટમાંથી હાંકી કાઢવામાં આવી હતી. સત્તાવાર જાહેરાત પહેલા, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) ના વડા મોહસીન નકવી પાકિસ્તાન સુપર લીગ (PSL) ની પ્રેસ કોન્ફરન્સમાં પહોંચ્યા, જ્યાં તેમને બહિષ્કારના વલણ વિશે પ્રશ્ન કરવામાં આવ્યો હતો, જો કે નકવી એક જ રટણ કરતા રહ્યા હતા કે અમે અમારા સ્વાર્થ માટે કંઇ કર્યું નથી.

પ્રેસ કોન્ફરન્સ સમાપ્ત થયા પછી, એક ઈન્ટરવ્યુઅરે નકવીને પાકિસ્તાનના વલણ અંગે અંદરની માહિતી માગી. આ સમયે, નકવીએ લગભગ પોતાનો યુ-ટર્ન માન્યો. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું પાકિસ્તાને ICC સાથેની વાટાઘાટોમાં કોઈ છૂટછાટ મેળવી છે, ત્યારે નકવીએ જવાબ આપ્યો, અમે પોતાના સ્વાર્થ માટે કંઈ કર્યું નથી. તેમને જ્યારે પુછાયું હતું કે શું કોઈ સારા સમાચાર આવી રહ્યા છે? તો નકવી આપવડાઈ કરતાં બોલ્યા હતા કે અમે હંમેશા સારા સમાચાર આપીએ છીએ. તે પછી પોતાની નીચે મૂકવામાં ન માનતા નકવીએ બાંગ્લાદેશ તરફ આંગળી ચીંધતા કહ્યું હતું કે તમે બાંગ્લાદેશનું નિવેદન જોયું જ હશે.



બાંગ્લાદેશે પાકિસ્તાનને મેચ રમવાની વિનંતી કરી છે. દેખીતી રીતે, તેમનો આખો મામલો ઉકેલાઈ ગયો છે, તેથી જ તેમણે આ વિનંતી કરી છે. તેમને એવું પુછાયું કે શું તમે ICCને કોઈ માગણીઓ માટે સંમત કરાવ્યું છે, ત્યારે ફરી પોતાની તંગડી ઉંચી રાખતાં તેમણે કહ્યું હતું કે અમે બાંગ્લાદેશ માટે સ્ટેન્ડ લીધું હતું. તે તેમના વિશે હતું. અમે અમારા માટે કંઈ કર્યું નહીં. નકવીએ એવું પણ નિવેદન કર્યું હતું કે અમે અમારા મહેમાનોનું સન્માન કરીએ છીએ અને ICC અમારા ઘરે આવ્યું છે, તેથી અમે તેમને સંપૂર્ણ માન આપ્યું. આ સમયે હું વધુ કહી શકતો નથી કારણ કે ICC અને બાંગ્લાદેશ વચ્ચે વાતચીત ચાલી રહી છે. જો બાંગ્લાદેશ સાચું હોત તો અમારે તેનું સમર્થન કરવું પડ્યું હોત. તમે જાણો છો કે આપણે આ ધમકીઓથી ડરવાના નથી. બધા આપણા ફિલ્ડ માર્શલ અસીમ મુનીરને જાણે છે. અમે કોઈપણ પ્રતિબંધોથી ડરતા નથી.

અઠવાડિયાથી ચાલી રહેલા વિવાદનો અંત આવ્યા બાદ ICC એ પણ એક નિવેદન બહાર પાડ્યું. તેમાં, રમતના સંચાલક મંડળે કહ્યું, “હાલના વાતાવરણને જોતાં, એ વાત પર સંમતિ વ્યક્ત કરવામાં આવી છે કે બધા સભ્ય દેશો ICC ઈવેન્ટ્સ માટે ભાગીદારીની શરતો હેઠળ તેમની જવાબદારીઓનું સન્માન કરશે અને ICC મેન્સ T20 વર્લ્ડ કપની વર્તમાન આવૃત્તિની સફળતા સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પગલાં લેશે. જો કે નકવી કહે છે તેવું નહીં પણ કંઈક અલગ જ રંધાયું હતું. પાકિસ્તાને ભારત સાથે દ્વિપક્ષીય શ્રેણી ફરી શરૂ કરવા સહિત અનેક માગણીઓ કરી હતી, પરંતુ ICC એ આ દરખાસ્તો સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. આખરે, જે ઉકેલ આવ્યો તે એ હતો કે ટુર્નામેન્ટને ટ્રેક પર રાખવી, જેથી પાકિસ્તાન રમી શકે. રાજકીય અને રમતગમત વિશ્લેષકો માને છે કે નકવી કેમેરા સામે એ દર્શાવવા માંગતા હતા કે પાકિસ્તાન ખાલી હાથે પાછું નથી ફર્યું. તેથી અમે પોતાના માટે કંઈ માગ્યું નથીએ વાક્ય પર ભાર મૂકવામાં આવ્યો.

**T20 વર્લ્ડકપમાં ભારત સામેની મેચના બહિષ્કાર પર યુ-ટર્ન માર્યા પછી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના વડા મોહસીન નકવી બોલ્યા હતા કે અમે અમારા સ્વાર્થ માટે કંઇ કર્યું નહોતું, ભારત સામે મેચ ન રમવાનો નિર્ણય ફક્ત બાંગ્લાદેશને T20 વર્લ્ડ કપમાંથી બહાર કરવા માટે લેવામાં આવ્યો હતો**

પરંતુ ટીકાકારો પૂછી રહ્યા છે કે જો મેચ આખરે રમવાની જ હતી તો આટલી મોટી બહિષ્કારની જાહેરાત શા માટે? પાકિસ્તાન આખરે ત્યાં જ પહોંચી ગયું જ્યાં તેનું લક્ષ્ય હતુંઃ મેદાન પર. ફરક એટલો જ છે કે આ વખતે કેમેરા સામે, પ્રશ્નો વચ્ચે અને ભારે દબાણ હેઠળ વાપસી થઈ. 15 ફેબ્રુઆરીએ જ્યારે મેચ શરૂ થશે, ત્યારે આ વિવાદ કદાચ પાછળ રહી જશે, પરંતુ યુ-ટર્ન ક્રિકેટ રાજકારણના ઈતિહાસમાં એક પ્રકરણ રહેશે. એ ઉલ્લેખનીય છે કે નકવી સતત એવું બોલતા રહ્યા હતા કે અમે અમારા માટે કંઇ કર્યું નથી, માત્ર બાંગ્લાદેશ માટે જ અમે આ નિર્ણય લીધો હતો. જો કે એકની એક વારંવાર દોહરાવવાથી સત્ય બદલાઇ જતું નથી. નકવીએ ભારત સાથે દ્વિપક્ષીય સીરિઝ ફરી શરૂ કરાવવાની માગ કરી હતી અને સાથે જ તેમણે પાકિસ્તાન, બાગંલ્દેશ અને ભારત વચ્ચે ત્રિકોણીય સીરિઝ રમાડવાની પણ માગ કરી હતી, કેટલાક અહેવાલોમાં તો એવું પણ કહેવાયું હતું કે ભારતીય ખેલાડીઓને મેચ પહેલા અને પછી પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ મિલાવવાનું કહેવાની પણ માગ કરાઈ હતી, જો કે એ બધા જ જાણે છે કે ICCએ તેમની એક પણ માગ સ્વીકારી નહોતી અને માત્ર બાંગ્લાદેશને લગતી જે બે માગ હતી તે ICCએ પહેલાથી જ નક્કી કરી રાખ્યું હતું, તો પછી આ આખો વિવાદ સળગાવીને દુનિયા આખીનું ધ્યાન ખેંચવા પાછળ શું આશય હતો.

પાકિસ્તાન એવું માનતું હતું કે આમ કરવાથી અન્ય બોર્ડનો તેને સાથ મળશે પરંતુ એવું પણ થયું નહોતું, ઉલટાનું જેના માટે તેણે આવું કર્યું હોવાનું કહ્યું છે તે બાંગ્લાદેશે પણ તેને આમ કરવાથી દૂર રહેવાની સલાહ પહેલા જ આપી હતી. •